## સૌરાષ્ટ્ર આસપાસ

# કેવલજ્ઞાન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે આધુનિક યુગની ચેતના

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે માનવ જેવી બુદ્ધિ ધરાવતા મશીનોની ટેક્નોલોજી. સરળ શબ્દોમાં કહીએ તો, કમ્પ્યુટર કે મશીનને એવી તાલીમ આપવી કે તે વિચારી શકે, શીખી શકે અને નિર્ણય લઈ શકેલ તેને ઍ કહેવામાં આવે છે. જૈન ધર્મમાં કેવલ જ્ઞાન તેના મૂળમાં છે.જે ભારતીય સંસ્કૃતિનું આ સૌથી મોટું પ્રદાન છે.ઍ એવી ટેક્નોલોજી છે જેમાં મશીનો ડેટા એકત્ર કરે છે, તેનો અભ્યાસ કરે છે અને અનુભવ પરથી વધુ સારાં જવાબ આપવા શીખે છે. ઉદાહરણ તરીકે, મોબાઈલમાં વોઇસ અસિસ્ટન્ટ, ગૂગલ સર્ચ, ઓનલાઇન અનુવાદ, ચહેરા ઓળખવાની સિસ્ટમ, ટ્રાફિક મેપ, હોસ્પિટલમાં રોગ નિદાન જેવી ઘણી સેવાઓ AI દ્વારા શક્ય બની છે.પ્રાચીન આગમ ગ્રંથોમાં જ્ઞાન અને અસીમ કહેવામાં આવે છે જ્ઞાનનો આધાર માનવીના અંતઃકરણ પર છે આત્માનું એક એવું પાછું છે જેને હજી સુધી આજનું વિજ્ઞાન અને ટેક્નોલોજી સમજી શક્યું નથી પરંતુ આ તમામના મૂળમાં કેવલ જ્ઞાન છે એ જ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ છે વર્તમાન ડિજિટલ ટેક્નોલોજી તેનું ભૌતિક રૂપ છે.ઍ માનવ માટે સહાયક સાધન છે. તે ઝડપથી કામ કરે છે, મોટી માહિતી સંભાળી શકે છે અને માનવ જીવનને સરળ બનાવે છે. પરંતુ ઍ પાસે લાગણી, સંવેદના કે આત્મચેતના નથી. તે માનવ બુદ્ધિની નકલ છે, માનવતા નહીં. જ્યારે કેવલ જ્ઞાન સંવેદનશીલ છે એ આઈ ટેક્નોલોજી ભૌતિક છે અને કેવળ જ્ઞાન એનાથી ઉપર સૂક્ષ્મ સ્તર પર વ્યાપેલું છે.ભૌતિક દુનિયામાં વિજ્ઞાનની પ્રગતિ નો આધાર હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ પર આધારિત છે.જેના કારણે માનવ જીવન આજે મશીનો, એલ્ગોરિધમ અને ડેટા પર આધારિત બનતું જાય છે. AI માનવ જેવી બુદ્ધિ દર્શાવે છે, પ્રશ્નોના જવાબ આપે છે, નિર્ણય લેવામાં મદદ કરે છે અને ભવિષ્યની આગાહી પણ કરે છે. છતાં, આ બધી ક્ષમતાઓ વચ્ચે એક મૂળભૂત પ્રશ્ન ઊભો થાય છેલશું આ બુદ્ધિ માનવને વધુ સંવેદનશીલ, સંયમી અને નૈતિક બનાવી રહી છે? આ પ્રશ્નનો ઉત્તર શોધવા આપણે ભારતીય દર્શનની ઊંડાણમાં ઉતરીએ તો જૈન ધર્મનો કેવલજ્ઞાનનો સિદ્ધાંત આજે વધુ પ્રાસંગિક અને માર્ગદર્શક બને છે.કેવલજ્ઞાન એટલે આત્માની સર્વોચ્ચ અવસ્થા. આ અવસ્થા સુધી આજનું વિજ્ઞાન હજી પહોંચી શક્યું નથી.જૈન ધર્મ અનુસાર આત્મા મૂળથી જ અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત શક્તિ ધરાવે છે. પરંતુ કર્મોના પડદાથી આ શક્તિ ઢંકાઈ જાય છે. જ્યારે સાધના, સંયમ, તપ અને વૈરાગ્ય દ્વારા આત્મા તમામ ઘાતી કર્મોથી મુક્ત થાય છે, ત્યારે જે સંપૂર્ણ, નિર્મળ અને સર્વજ્ઞ જ્ઞાન પ્રગટે છે, તેને કેવલજ્ઞાન કહેવામાં આવે છે.કેવલજ્ઞાનમાં કોઈ શોધ, ગણતરી કે બાહ્ય સાધનની જરૂર નથી. તે આત્માનું સ્વયંપ્રકાશિત જ્ઞાન છે, જેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય એક સાથે સ્પષ્ટ રૂપે દેખાય છે. આ જ્ઞાન સાથે અહંકાર નહીં પરંતુ સમતા, કરુણા અને લોકકલ્યાણની ભાવના જોડાયેલી હોય છે.વર્તમાન સંજોગોમાં કેવલજ્ઞાનની ઉપયોગીતા વધતી જાય છે.આજનો માનવ જાણે છે ઘણું, પરંતુ સમજે છે ઓછું માહિતી વધે છે, પણ વિવેક ઘટે છે. AI આપણને શું કરવું તે કહી શકે છે, પરંતુ કેમ કરવું તે નથી શીખવતું. અહીં કેવલજ્ઞાનનો સિદ્ધાંત અત્યંત ઉપયોગી બને છે.કેવલજ્ઞાન આપણને આત્મસંયમ શીખવે છેલજે આજના ભોગવિલાસી અને તણાવગ્રસ્ત સમાજ માટે અત્યંત જરૂરી છે. તે આસક્તિમાંથી મુક્તિનો માર્ગ બતાવે છે, જેનાથી માનવ લોભ, ક્રોધ અને સ્પર્ધાથી ઉપર ઉઠી શકે છે. જ્યાં ટેક્નોલોજી બહારની દુનિયા બદલવા પ્રયત્ન કરે છે.

# સુવાક્ય થકી સત્સંગ થયો...

**પદ, પ્રતિષ્ઠા અને પૈસો મળ્યો પણ ઘમંડ, ઈર્ષા અને ક્રોધ ન ગયાં એવા એક માણસને હોસ્પિટલમાં જવાનું થયું ત્યારે ત્યાંની દીવાલે લખાયેલા એક સુવાક્યથી તેને સત્સંગ થયો ને એવી અસર થઈ કે તેનું હદય પરિવર્તન થયું, તેને સત્ય સમજાયું.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર



ખડનો ભારો સામે જ પડયો હતો, લગભગ પચાસેક ડગલાં દૂર, લીલાછમ્મ ઘાસનો, કસીકસીને કચકાવેલો. આજ તો વહેલી સવારે ઉતાવળમાં ઘાસ થોડું વધારે વઠાઈ ગયું હતું અને ધાર્યા કરતાં ભાર વધારે થઈ ગયો હતો. રામો સામે ઊભો વિચારતો હતો. પંદરેક મિનિટથી એ મનોમન ગણગણતો હતો, કોઈક તો આ તરફ આવશે. તેનો મોટો ભાઈ દામો તો ખાસ્સો દૂર ઊભો હતો. રામાની રાહ જોઈ રહેલા એને હતું કે, સામા શેઢે, વાડ પાસે કોદાળી-પાવડા વડે નાનો ભાઈ ભલો કશુંક ખોદાણ કરતો હતો. એને ઘેર પહોંચવાની કશી જ ઉતાવળ નથી. રામાને તો ખેતરમાં પગ મુકયો ત્યારથી જ પાછા ભાગી છુટવાની ઈચ્છા થયા કરતી હતી.

આજે તે વહેલી સવારથી જ આખા શરીરે સખત થાક અનુભવતો હતો. શરીરમાંથી શક્તિ જાણે સાવ હણાઈ રહી હતી. વારેઘડીએ બેસી પડવાનું મન થતું હતું. હવે એનો થાક ધીરે ધીરે અસહ્ય થતો જતો હતો. એને થયું કે એ બૂમ પાડીને દામજીને બોલાવી, આ ભાર ઉપાડીને ઘર સુધી મેલાવી જાય. પછી ભલેને એને આવવું હોય ત્યારે પાછો વાડીએ આવે. પણ રામા માટે એ વાત કંઈ એટલી સહેલી નહોતી. બૂમ પાડવાની તો જાણે એનામાં તાકાત જ નહોતી બચી. અને પોતે જણતો હતો કે એમ કરવાનો કશો અર્થ પણ નથી. એની બૂમ સાંભળીને સામે દામો જડબાતોડ જવાબ આપવાનો હતો એનાથી પણ એ સારી પેઠે વાકેફ હતો.

એક તો ઢોર લઈને ઘેરથી નીકળતાં થોડું મોડું થયેલું તે દામો ઘેરથી નીકળ્યો ત્યારથી બળાપા કાઢ્યા કરતો હતો. એવી સ્થિતિમાં એને છંછેડીને વળી નવી આફત કયાં વહોરવી ? એમ વિચારીને એ કશુંય બોલ્યા-ચાલ્યા વગર શેઢા પર આમથી તેમ આંટા મારવા લાગ્યો.

તેની પીઠ તરફના સામા શેઢા ભણીથી અવાજ સંભળાયો. એણે આથમણી દિશા તરફ જોયું. આથમતા ચંદ્રના અજવાળામાં ચળકતું એક પંખી ઉડીને આવી રહ્યું હતું. તેણે ખાસ્સી વાર એ પંખીને જોયા કર્યું. ચંદ્ર હવે દેખાતો નહોતો. ઉગમણે સૂરજ દેખાઈ ગયો હતો અને દિશાઓ તામ્રવર્ણી થવા લાગી હતી. ખાસ્સું અજવાળું ખેતરો પર આડેધડ પથરાઈને આસપાસનાં ખેતરોની લીલીછમ મોલાતોને કેસરથી જાણે રંગી રહ્યું હતું.

પરોઢિયે ખડ વાઢીને ખડભારા ઉપાડી ખેડૂતો ઘર તરફ પાછાં ફરી ગયાં હતાં. ખાલી પડેલાં ખેતરો સામે જોતાં રામાને બપોરનો રોંઢો સાંભરી આવ્યો. નાનપણમાં એની સાથે ભણતો, આ જ ગામમાંથી સુરત ધંધાર્થે ઠરીઠામ થયેલો તેનો ભાઈબંધ -સુખો-રાત બુઢો ગામમાં આવેલો, ફોર વ્હીલ ગાડી લઈને. તેને થયું, આટલે આવું ને રામાને મળ્યા વગર જાઉં એ તો કેમ ચાલે ? સુખો ગાડી લઈને અહીં વાડીના શેઢે રામાને મળવા આવી પહોંચ્યો.

રામો જાણતો હતો કે એ કેમ આવ્યો હતો..! એમાં કંઈ એનો પ્રેમભાવ નહોતો કે નહોતો રામાને મળવાનો કોઈ ઉમંગ. આ બહુ જૂની હરીફાઈ છે, છેક ગામમાં ભણતાં ત્યારની. ભણવામાં રામો હંમેશાં પહેલા નંબરે રહેતો. અને સુખો બીજા. એને રામાની ભયંકર ઈર્ષ્યા આવતી. અને એ કલાસના બીજા છોકરાઓ આગળ એમ કહીને પોતાની હૈયા વરાળ ઠાલવતો કે, એ તો રામાના બાપા સરપંચ છે એટલે માસ્તર એને પહેલો નંબર આપે છે, બાકી એની તાકાત નથી કે મને કોઈ રીતે હંફાવી શકે.

મોટા થઈને લગ્ન થયા પછી પણ સુખાની એ આદત ગઈ નહોતી. જયારે મળતો ત્યારે પોતાનો કક્કો ખરો કરાવવાનું ભૂલતો નહીં. રામાનું નીચું દેખાય એવા પ્રયત્નો પણ એ કરતો. પોતે શહેરમાં રહે છે એટલે સુખી અને રામો ગામડામાં છે એટલે દુ:ખી-એ વાતની પ્રતીતિ એની પ્રત્યેક વાતમાંથી અનુભવાતી હતી. રામાને એનું ઝાઝું માઠું લાગતું નહી. એ તો એટલો જ નિખાલસ બનીને એની સાથે વાતો કર્યા કરતો. આજે પણ એમ જ થયેલું. એની સાથે જૂની વાતો કરતાં-કરતાં દિ' કયારે માથે આવી ગયો એની ખબર જ રહી નહીં. દૂર ઊભેલો દામો તો ક્યારનોય આઘોપાછો થઈ રહ્યો હતો, એનું ભાન થતાં રામો ભીતર ને ભીતર ગભરાઈ ઊઠ્યો હતો. એની એ અકળામણ પામી જઈને સુખાએ જતાં-જતાં પોતાનો રંગ બતાવ્યો હતો. રામાને કહે,

' તું ભાઈઓનું વૈતરું કરવામાંથી સમય કાઢીને કયારેક તો સુરત આવજે...! '

' અમારે વળી એવી નવરાશ જ ક્યાં છે, સુખદેવ ! આ કામમાંથી જ ઊંચા આવતા નહીં ને..! '

' નવરાશ મળે નહીં, એ તો કાઢવી પડે, સમજયો ? મને મળવા ન અવાય તો કંઈ નહીં, પણ અમારા બંગલા, જાહોજલાલી અને કુટુંબ કબીલાની ઈજ્જત જોવા તો આવજે... !'

એટલું કહીને તે ત્યાંથી ઊઠ્યો ત્યારે રામાએ તેને વિદાય આપવા માટે તેની સાથે હાથ મિલાવ્યા.

હાથમાં હાથ લેતાં જ સુખો ખચકાયો. તાવમાં હમહમતો હાથ ઝાલીને તેણે રામાને ગાડીમાં બેસાડી દીધો અને ખડનો ભારેખમ ભારો પોતે ઊંચકીને ગાડી માથે ચડાવી દીધો. તેણે રામાને બેસાડીને ગાડી મારી મૂકી.

ગામમાં રામાના ઘેર ખડનો મારો ઉતાર્યો પણ રામાને ઉતરવા ન દીધો. તાલુકા મથકે હોસ્પિટલમાં લઈ જઈને રિપોર્ટ કરાવ્યા ત્યારે રામો ડેન્ગ્યુનો ભોગ બન્યાનું જાણવા મળ્યું. હોસ્પિટલમાં તેને દાખલ કરી સુખો ગામડેથી રામાના પરિવારને તેડી લાવ્યો. ત્રણેક દિવસ રામાની સેવા ચાકરી કરવા માટે તેણે પોતે હોસ્પિટલમાં જ ધામા નાખી તન, મન અને ધનથી એવી કાળજી લીધી તે રામો સાજો થયો. આ ત્રણેય દિવસ દરમિયાન સુખાએ હોસ્પિટલની દીવાલે લખાયેલું સુવાક્ય વારંવાર વાંચ્યું, ' ઘમંડીનો કોઈ ઈશ્વર નથી, ઈર્ષ્યાળુનો કોઈ પાડોશી નથી અને ક્રોધીનો કોઈ મિત્ર નથી હોતો.' આનાથી તેને એવું આતમજ્ઞાન થયું તે પોતે પદ અને પૈસાનું ઘમંડ ખંખેરી નાખ્યું. ઈર્ષ્યાનું ઝેર ઓકી નાખ્યું અને ક્રોધને અળગો કરી દીધો. એક સુવાક્યથી સુખાનું હૃદય પરિવર્તન થયું. કારણકે હોસ્પિટલની દીવાલે લખાયેલા એ સુવાક્યથી સુખાને સત્સંગ થયો.

# આ મંદિરમાં ઘી કે તેલ નહીં પણ પાણીથી દીવા પ્રગટે છે!

વિશેષ

દિવાળીમાં આજકાલ ઈલેક્ટ્રિક દીવાઓ બહુ વપરાય છે. તેમાં એવા દીવાઓ પણ મળે છે, જે પાણી નાખવાથી પ્રગટી ઉઠે! ખેર તેની ટેક્નોલોજી તો આપણને ખબર છે. તેમાં બેટરી પણ વપરાય છે, તે આપણે જાણીએ છીએ. ફિલ્મનું પેલું ગીત યાદ છે? 'દીપાવલી મનાયે સુહાની, મેરે સાંઇ કે હાથોંમેં જાદુ કા પાની.' આ ગીત શિર્ડીના સાઈબાબા માટે લખાયું છે. કહેવાય છે કે તેમના જીવનમાં એક પ્રસંગે તેમણે પાણીથી દિપક પ્રગટાવ્યા હતા. પણ એક મંદિર એવું છે જ્યાં નિયમિત રીતે પાણીથી દિપક પ્રગટે છે. એટલું જ નહીં, એ પાણી પણ એક વિશિષ્ટ નદીનું જ હોય છે, અન્ય પાણીથી દિવા પ્રગટતા નથી. અને હા, એ દીવામાં કોઈ બેટરી લાગેલી નથી હોતી!

આ અશક્ય લાગે તેવી હકીકત મધ્ય પ્રદેશમાં બને છે. આ મંદિર કાલી સિંધ નદીના કિનારે, આગર-માલવાના નલખેડા ગામથી લગભગ ૧૫ કિમી દૂર, ગડિયા ગામ પાસે આવેલું છે. નલખેડા સ્વયં એક અતિ પ્રસિદ્ધ યાત્રાધામ છે. કારણકે નલખેડામાં દસ મહાવિદ્યાઓમાંથી અષ્ટમ, માતા બગલામુખીનું મંદિર આવેલું છે. પણ આપણે અત્યારે વાત કરવી છે ગડિયા ગામે આવેલા મા ભાવનીના મંદિરની. આ મંદિર ગડિયાઘાટ વાલી માતાજીના નામથી પ્રખ્યાત છે.

આ મંદિર ઘણું પુરાતન છે. ત્યાં નિયમિત જ્યોત પ્રજ્વલિત રહે છે. પણ પૂજારીના કહેવા મુજબ આજથી લગભગ ૧૦-૧૨ વર્ષ પહેલા તેને સ્વપ્નમાં દેવીએ દર્શન આપીને કહ્યું કે પાણીથી દિપક પ્રગટાવ. પૂજારી જેની પૂજા નિયમિત મંદિરમાં કરતા હતા તે દેવી સ્વયં સ્વપ્નમાં આવ્યા એટલે તેણે ખાતરી કરવા એક દીવો પ્રગટાવવાનું નક્કી કર્યું. જોકે, તેના મનમાં આશંકા હતી કે આ સ્વપ્ન જ હતું કે ભ્રમ? એટલે તેણે કોઈને તેના વિશે જાણ કરી નહોતી.

બીજે દિવસે સવારે મંદિર પાસે વહેતી કાલી સિંધ નદીનું પાણી તેણે દીપકમાં પૂર્યું અને રૂની વાટ પણ મૂકી. ત્યારબાદ જેવી સળગતી માચીસની કાંડી દીવામાં રાખેલી રૂની વાટ નજીક લાવ્યા કે અહોઆશ્ચર્યમ! દીવો પ્રજ્વલિત થઇ ગયો!! પૂજારી આ જોઈને ગભરાઈ ગયા. કોઈ આ ઘટનાને અંધશ્રદ્ધા કે તુત કહીને નકારી કાઢશે



એ ભયે બે મહિના સુધી કોઈને આ વાતની જાણ કરી નહીં. પણ દેવીએ સ્વપ્નમાં આપેલી આજ્ઞા મુજબ પાણીથી રોજ દીવો પ્રગટાવતા રહ્યા. એ પણ નિશ્ચિત હતું કે જળ માત્ર કાલી સિંધ નદીનું જ વાપરતા હતા. કેમકે એ જ જળ દેવીની નિયમિત પૂજાવિધિમાં પણ ઉપયોગમાં લેવાતું હતું.

બે મહિના પછી તેમણે ગામના કેટલાક આગેવાનોને સ્વપ્નની વાત કરી. સ્વાભાવિક રીતે કોઈએ તેમની વાત ઉપર વિશ્વાસ ન કર્યો. પૂજારીએ તેમને ખાતરી કરવા વિનંતી કરી. એટલે આગેવાનોએ પણ એક દીવામાં ઘી કે તેલને બદલે નદીનું પાણી પૂર્યું અને બધાના આશ્ચર્ય વચ્ચે ખરેખર દીવો પ્રજ્વલિત થયો! પછી તો વાત શું કરવી? આખા ગામમાં આ ચમત્કારની વાત ફેલાઈ ગઈ. ત્યારથી લઈને આજ સુધી આ મંદિરમાં ઘી કે તેલને બદલે માત્ર પાણીથી દીવો પ્રગટાવવામાં આવે છે.

હવે આવે છે બીજો ચમત્કાર. પાણીથી દીવો પ્રગટે છે એ તો સાબિત થયું. સાથે બીજી મહત્ત્વપૂર્ણ વાત એ હતી કે પાણી માત્ર કાલી સિંધ નદીનું હોય તો જ દીવો પ્રગટતો હતો. નળમાંથી લઈને કે અન્ય સ્રોતથી પાણી લાવીને દીવો પ્રગટાવવાની કોશિશ નિષ્ફળ જતી હતી. એવું કહેવાય છે કે જ્યારે દીવામાં પાણી રેડવામાં આવે છે, ત્યારે તે ચીકણું પ્રવાહી બની જાય છે અને દીવો પ્રગટે છે.આ મંદિર કાલી સિંધ નદીના પટને અડીને જ આવેલું છે. ચોમાસાની ઋતુમાં અહીં પાણીનું જળસ્તર એટલું વધી જાય છે કે દેવીનું મંદિર પાણી નીચે ગરકાવ થઈ જાય છે. તેથી દર્શન-પૂજન બંધ થઈ જાય છે. જોકે, શારદીય નવરાત્રીના પહેલા દિવસે એટલે કે ઘટસ્થાપનાના દિવસે, દીવો ફરીથી પ્રગટાવવામાં આવે છે, ખરેખર કેટલીક ઘટનાઓ આપણા તર્ક અને સમજની બહારની હોય છે.

# મકરસંક્રાંતિ એટલે પતંગોત્સવ અને દાનપુણ્યનો પવિત્ર દિવસ

ભારતીય સંસ્કૃતિ પર્વો અને તહેવારોની ધરોહર છે. દરેક તહેવાર માનવજીવનને કોઈ ને કોઈ સંદેશ આપે છે—ક્યારેક સંયમનો, ક્યારેક ઉત્સાહનો અને ક્યારેક પરોપકારનો. આવા જ તહેવારોમાં

**મકરસંક્રાંતિ એ દિવસ છે જ્યારે સૂર્ય ભગવાન મકર રાશિમાં પ્રવેશ કરે છે અને દક્ષિણાયનમાંથી ઉત્તરાયણ તરફ ગતિ કરે છે.**

મકરસંક્રાંતિનું સ્થાન વિશેષ અને અનોખું છે. આ તહેવાર પ્રકૃતિ, ખગોળવિજ્ઞાન, લોકસંસ્કૃતિ અને માનવમૂલ્યોને એકસાથે જોડે છે. મકરસંક્રાંતિ માત્ર પતંગ ઉડાવવાનો આનંદમય દિવસ નથી, પરંતુ તે દાન, પુણ્ય અને માનવતા પ્રત્યેની જવાબદારીનું સ્મરણ કરાવતો પવિત્ર પર્વ છે.

મકરસંક્રાંતિ એ દિવસ છે જ્યારે સૂર્ય ભગવાન મકર રાશિમાં પ્રવેશ કરે છે અને દક્ષિણાયનમાંથી ઉત્તરાયણ તરફ ગતિ કરે છે. સૂર્યના ઉત્તરાયણને ભારતીય પરંપરામાં શુભ સમયનો આરંભ માનવામાં આવે છે. આ દિવસથી દિવસો લાંબા અને રાત્રિઓ ટૂંકી થવા લાગે છે. પ્રકૃતિમાં નવજીવનનો સંચાર થાય છે અને શિયાળાની કઠિનતા ધીમે ધીમે ઓછી થવા લાગે છે. તેથી મકરસંક્રાંતિને આશા, ઉર્જા અને સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે.

સૂર્ય જીવનનો દાતા છે સૂર્યના પ્રકાશ થકી નવ ગ્રહ પર તેના અજવાળા પથરાઈ છે સૂર્ય જ્યારે તેનું સ્થાન બદલે છે. અને દક્ષિણમાંથી ઉત્તર તરફ ગતિ કરે છે ત્યારે તેની અસર પૃથ્વીના ઋતુચક્ર પર પડે છે અને આ ઋતુચક્રમાં ફેરફારો થાય છે એ માનવ જીવન અને સમગ્ર સૃષ્ટિ પર સકારાત્મક અસર પાડે છે શીતળતા ઓછી થાય છે રાત દિવસના ચક્રમાં પણ ફેરફારો થાય છે આના કારણે પૃથ્વીના પર્યાવરણમાં પણ મોટા ફેરફારો થાય છે અને આને કારણે મકરસંક્રાંતિ ને એક તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.ભારતના વિવિધ પ્રદેશોમાં મકરસંક્રાંતિ જુદા જુદા નામે અને પરંપરાઓ સાથે ઉજવાય છે. ગુજરાતમાં આ તહેવાર પતંગોત્સવ તરીકે વિશેષ લોકપ્રિય છે. વહેલી સવારથી જ ઘરોની છતોએ લોકો ભેગા થાય છે, રંગબેરંગી પતંગો આકાશમાં ઉડાડે છે અને "કાઈ પો છે"ના નાદથી આખું આકાશ ગુંજી ઊઠે છે. આ પતંગોત્સવ માત્ર રમત નથી, પરંતુ તેમાં ઉત્સાહ, સ્પર્ધા, એકતા અને આનંદનો સુમેળ જોવા મળે છે. પરિવારજનો, મિત્રો અને પડોશીઓ સાથે મળીને ઉજવાતો આ તહેવાર સામાજિક સબંધોને મજબૂત બનાવે છે.

પતંગ આકાશમાં ઉડતો દેખાય છે ત્યારે એવું લાગે છે કે માનવજીવન પણ બંધનો તોડી ઉંચાઈ તરફ પ્રયાણ કરી રહ્યું છે. પતંગ ઉડાવવાનો અર્થ માત્ર મનોરંજન નથી, પરંતુ આત્મવિશ્વાસ, સંતુલન અને ધીરજનો પાઠ પણ છે. જેમ પતંગ દોરીના સહારે આકાશમાં ટકીને રહે છે, તેમ માનવજીવન પણ સંયમ અને સંસ્કારના સહારે ઉન્નતિ પામે છે.મકરસંક્રાંતિ અપ્રત્યક્ષ રીતે

જીવનમાં સજાગ રહેવાનો પણ સંદેશો આપે છે જો ઢીલ મૂકશો અથવા ઢીલાશ રાખશો તો તો સામે વાળો તમારો પતંગ કાપી નાખશે આનો અર્થ એવો થાય કે ફરજ માં જરા પણ બેદરકારી રાખશો તો આ દુનિયાના સ્પર્ધાત્મક યુગમાં તમારૂ પત્તુ કપાઈ જશે. આજનું કામ આવતી કાલ પર મુલતવી રાખશો તો કામનો ઢગલો વધતો જશે અને તમે તેને પહોંચી નહી વળો. માટે પોતાની ફરજમાં કે પોતાના કરવાના કામમાં જરા પણ ઢીલ મૂકશો નહીં નહીં તો આજના ઝડપી યુગમાં તમે પાછળ રહી જશો.મકરસંક્રાંતિનું બીજું અને અત્યંત મહત્વનું પાસું છે દાનપુણ્ય. શાસ્ત્રોમાં આ દિવસને દાન માટે વિશેષ ફળદાયક માનવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે મકરસંક્રાંતિના દિવસે કરેલું દાન અનેક ગણું પુણ્ય આપે છે. તેથી લોકો અન્નદાન, વસ્ત્રદાન, તિલ-ગોળનું દાન, ગરમ કપડાં અને કમ્બલનું વિતરણ કરે છે. ખાસ કરીને ગરીબો, વૃદ્ધો અને જરૂરિયાતમંદોની સેવા કરવી

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

એ આ દિવસની મુખ્ય ભાવના છે.

તિલ અને ગોળનું વિશેષ મહત્ત્વ મકરસંક્રાંતિ સાથે જોડાયેલું છે. તિલમાં ઊર્જા અને ગોળમાં મીઠાશ છે. "તિલ ગોળ લો અને મીઠું મીઠું બોલો" એવો સંદેશ સમાજમાં સૌહાર્દ, પ્રેમ અને મીઠાશ જાળવવાની પ્રેરણા આપે છે. આ પરંપરા માત્ર ખાવાની નથી, પરંતુ મનમાંથી કડવાશ દૂર કરીને સંબંધોમાં મીઠાશ લાવવાની શીખ આપે છે.મકરસંક્રાંતિનું દાન માત્ર ધાર્મિક કર્મ નથી, પરંતુ સામાજિક ફરજ પણ છે. આ દિવસે કરેલું દાન માનવમાં સંવેદનશીલતા જગાવે છે. પોતાની ખુશી સાથે બીજાના દુઃખ દૂર કરવાનો પ્રયાસ કરવો એ જ સાચું પુણ્ય છે. પતંગોત્સવની મોજમાં પણ જો આપણે આસપાસના જરૂરિયાતમંદોને યાદ કરીએ, તો આ તહેવારનું સાચું મહાત્મ્ય ઉજાગર થાય છે.

આ તહેવાર આપણને સંદેશ આપે છે કે ઉત્સવ અને ઉદારતા સાથે સાથે ચાલે. ફક્ત આનંદ માણવો પૂરતો નથી, પરંતુ સમાજ પ્રત્યે આપણી જવાબદારી પણ સમજવી જરૂરી છે. મકરસંક્રાંતિના દિવસે કરેલી નાની મદદ પણ કોઈના જીવનમાં મોટી રાહત બની શકે છે. તેથી આ દિવસ માનવતા, સહકાર અને પરોપકારની



ભાવનાને મજબૂત કરે છે.આજના આધુનિક સમયમાં પણ મકરસંક્રાંતિનું મહત્ત્વ ઓછું થયું નથી. ટેક્નોલોજી અને વ્યસ્ત જીવન વચ્ચે પણ આ તહેવાર આપણને પ્રકૃતિ સાથે જોડે છે. આકાશ, સૂર્ય, પવન અને ધરતી—આ ચારેય તત્વોની હાજરી મકરસંક્રાંતિમાં અનુભવાય છે. પતંગ ઉડાવતાં આપણે ખુલ્લા આકાશ સાથે જોડાઈએ છીએ અને દાન કરતા માનવતાની ધરતી સાથે.

અંતે એવું કહી શકાય કે મકરસંક્રાંતિ એ આનંદ અને આત્મશુદ્ધિનો સંગમ છે. પતંગોત્સવ દ્વારા જીવનમાં ઉત્સાહ અને રંગ ભરે છે, તો દાનપુણ્ય દ્વારા આત્માને સંતોષ અને શાંતિ આપે છે. આ તહેવાર આપણને શીખવે છે કે ઉંચાઈ સુધી પહોંચવું જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વનું છે જમીન સાથે જોડાયેલા રહેવું. મકરસંક્રાંતિના આ પવિત્ર દિવસે જો આપણે આનંદ સાથે પરોપકારને પણ જીવનમાં સ્થાન આપીએ, તો આ પર્વનું સાચું સાર્થક્ય સિદ્ધ થાય છે.